ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ક્રમાંક- ACD/PAU/e-file/2/2023/1994/K2 Section

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:-

(૧) ડો. સુભાષ યુનિવર્સિટી, જૂનાગઢની તા. ૧૭/૦૨/૨૦૨૩ ની દરખાસ્ત

(૨) કૃષિ સંલગ્ન અભ્યાસક્રમો શરૂ કરવા આઇ.સી.એ.આરના ધારાધોરણો મુજબની ચકાસણી માટે નિમાયેલ ચાર સભ્ય સમિતિ અંગેના તા. ૦૧/૧૨/૨૦૨૦ ના હુકમ ક્રમાંક-ગકવ-૨૦૧૫-૧૬-GOI-II-ક.૨(પાર્ટ-૩).

(૩) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમીટેડ,ગાંધીનગરનો તા.૦૨/૦૬/૨૦૨૩ના પત્ર ક્રમાંક:GAIC/ADM/2108 થી રજૂ કરેલ અહેવાલ

હુકમ:

વંચાણે લીધા ક્રમાંક (૧) ડો. સુભાષ યુનિવર્સિટી, જૂનાગઢની B.Sc (H) Agriculture નો અભ્યાસક્રમ ૬૦ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા સાથે શરૂ કરવા મંજૂરી માંગેલ હતી. જે પરત્વે વંચાણે લીધા ક્રમાંક(૨) થી રચવામાં આવેલ સમિતિનાં વંચાણે લીધા ક્રમાંક (૩)ના તા. ૦૨/૦૬/૨૦૨૩ના પત્ર ક્રમાંક: GAIC/ADM/2108 થી આપવામાં આવેલ અભિપ્રાય પરત્વે કાળજીપુર્વકની વિચારણા બાદ સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે નીચેની શરતોને આધિન બી.એસ.સી.(ઓનર્સ) એગ્રીકલ્ચર નો અભ્યાસક્રમ ૬૦ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા સાથે સુચિત કોલેજ માટે ICAR ના ધારાધોરણો મુજબની જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરવાની શરતે સ્વખર્ચે દરખાસ્ત મુજબનો અભ્યાસક્રમ શરૂ કરવાની "શરતી સૈધ્ધાંતિક મંજૂરી" આપવામાં આવે છે

(૧) યુનિવર્સિટીએ ICARના ધારા-ધોરણ મુજબની માળખાકીય સુવિધા ઉભી કરવાની રહેશે.

(૨) યુનિવર્સિટીએ નિયમોનુસારના સ્ટાફ/ ફેકલ્ટીની ભરતી પ્રક્રિયા પુર્ણ કરવાની રહેશે તેમજ ICARના જરૂરી ધારા-ધોરણનો અમલ અને જાળવણી કરવાની રહેશે.

(૩) બી.એસ.સી. (ઓનર્સ) એગ્રીકલ્ચર અભ્યાસક્રમ ચલાવવા માટે યુનિવર્સિટીએ આપેલ બાહેંધરી મુજબ ICAR ના ધોરણો મુજબ નિયત કરેલ અને વખતોવખત સુધારેલ શૈક્ષણિક અભ્યાસક્રમ (થીયરી તથા પ્રેક્ટીકલ), શૈક્ષણિક સ્ટાફ, વહીવટી સ્ટાફ, લેબોરેટરી, ખેત સાધન સામગ્રી, લાયબ્રેરી, જરૂરી ડીવીઝન, ડિપાર્ટમેન્ટ અને સેક્શન તથા પ્રાયોગિક કાર્ય માટે ICAR દ્વારાએ ઠરાવેલ ધોરણ મુજબની જરૂરી જમીન ઉપલબ્ધ કરાવવા સહિત તમામ લઘુત્તમ ધારા ધોરણોનું પાલન કરવાનું રહેશે.

(૪) યુનિવર્સિટીની જમીનો ૫.કિ.મીની હદ કરતા વધતી હોય તો, વિદ્યાર્થીઓને ફાર્મ પર ખેતી પ્રયોગો/ નિદર્શનો માટે બસ/ વાહન વ્યવહારની સુવિધા યુનિવર્સિટીના સ્વ-ખર્ચે ઉપલબ્ધ કરાવવાની રહેશે.

(૫) યુનિવર્સિટી તરફથી ICARના લઘુત્તમ ધારા ધોરણોનું પરિપાલન કર્યા...

Signature Not Verified
Signed by: Kanan H Pandya
Deputy Secretary
Date: 2023.07.18 15:31:17



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૫) યુનિવર્સિટી તરફથી ICARના લઘુતમ ધારા ધોરણોનું પરિપાલન કર્યાનો અહેવાલ આ હુકમની તારીખથી ત્રણ માસમાં રજુ કરવાનો રહેશે. તેની સરકાર દ્વારા નિયુક્ત અધિકારી દ્વારા ખરાઈ કરાવી લેવાની રહેશે ત્યાર બાદ સરકારશ્રીની નિયમિત મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૬) સદરહું અભ્યાસક્રમ શરૂ થયા બાદ કોઈ કારણસર બંધ થાય તો સ્ટાફની તથા અન્ય કોઈપણ નાણાંકીય અને વહીવટી જવાબદારી રાજ્ય સરકાર ઉઠાવશે નહી, પરંતુ તે અંગેની સંપૂર્ણ જવાબદારી યુનિવર્સિટીની રહેશે.જે અંગે ડો. સુભાષ યુનિવર્સિટી, જૂનાગઢે હુકમ થયા તારીખથી દિન-૩૦માં સોગંદનામુ રજૂ કરવાનું રહેશે.

(૭) આ અભ્યાસક્રમ અંગે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર કે અન્ય સંસ્થાઓની મંજુરી લેવાની જરૂર હોય તો તે તમામ મંજુરી સંસ્થાએ મેળવી લેવાની રહેશે.

(૮) અભ્યાસક્રમ ચલાવવા માટે ડો. સુભાષ યુનિવર્સિટી, જૂનાગઢને કોઈ ગ્રાન્ટ મળવાપાત્ર રહેશે નહીં. હાલ તથા ભવિષ્યમાં અભ્યાસક્રમ સંપૂર્ણપણે સ્વખર્ચે ચલાવવાનો રહેશે અને યુનિવર્સિટી દ્વારા ગ્રાન્ટ અંગે ભવિષ્યમાં પણ કોઈ માગણી કરવામાં આવશે નહી તે મુજબનું સોગંદનામું હુકમ થયા તારીખથી દિન-૩૦માં રજુ કરવાનું રહેશે.

(૯) વિદ્યાર્થીઓની પૂરતી સલામતીના હેતુ માટે પૂર્ણ ભૌતિક સુવિધાઓની સંપૂર્ણ ચકાસણી યુનિવર્સિટી દ્વારા કરી લેવાની રહેશે.

(૧૦) જમીન લીઝ અંગેના કરારો સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં રજીસ્ટર કરી અત્રે રજૂ કરવાના રહેશે .

(૧૧) યુનિવર્સિટીએ રાજ્ય સરકાર વખતો વખત નક્કી કરે તે નિયમો/શરતોનું યથાયોગ્ય પાલન કરવાનું રહેશે.

( કાનન પંડ્યા)
નાયબ સચિવ (કૃષિ યુનિ.)
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ

કુલ સચિવશ્રી,
ડો. સુભાષ યુનિવર્સિટી,
ડો. સુભાષ રોડ, જૂનાગઢ

<u>નકલ રવાના પ્રતિ:-</u>

- માન.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિભાગ દ્વારા નિયુક્ત સમિતિના સર્વે સભ્યશ્રીઓ

- (૧) મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, GAIC, ગાંધીનગર
- (૨) ખેતી નિયામકશ્રી, ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર
- (3) સંયુક્ત બાગાયત નિયામકશ્રી(બાગાયત), બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- (૪) નિયામકશ્રી, આત્મા, ગાંધીનગર

- કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી, આણંદ/જુનાગઢ/નવસારી/દાંતીવાડા
- શાખા સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ

Inward No.: 25
Date: 18/07/2023
School of B SC Agree
Signature
Received: From - DSU Junagadh

Signature Not Verified
Signed by Kanan H Pandya
Deputy Secretary
Date: 2023.07.18 15:31:17



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*